બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# દાનિયેલ એક બંદી



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Jonathan Hay

અનુકૂલન : Mary-Anne S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

દાનિયેલ અને તેના ત્રણ મિત્રો ઈસ્રાએલમાં રહેતા હતાં. એક દિવસે એક રાજા આવ્યો અને તેમના વતનમાં સઘળા બુદ્ધિશાળી વ્યક્તિઓને પકડીને લઈ ગયા. તે રાજનું લાંબુ નામ હતું - નબૂખાદનેસ્સાર - જે એક બાબિલ નામના દૂર દેશમાં રહેતો હતો.



આ યુવાનોને બાબિલમાં સારી રીતે રાખવામાં આવ્યા. બધા દેશોમાંથી રાજાએ સૌથી બુદ્ધિશાળી અને ઉત્તમ જુવાન છોકરાઓને પસંદ કર્યા હતાં. તેણે તેમને બાબિલની ભાષા શિખવાડવાનું નક્કી કર્યું જેથી તાલિમ પામીને તે લોકો તેના સેવક બની તેને રાજ્યવહિવટ ચલાવવામાં મદદ કરે.



ત્યાંનો ખોરાક સારો હતો. જે રાજા ખાતો હતો તે તેઓ પણ ખાતા હતાં. પણ દાનિયેલ અને તેના મિત્રોએ તે ખોરાક ખાવા માંગતા ન હતાં. કારણ કે તે જૂઠા ઈશ્વરને ચઢાવેલો હતો. દાનિયેલે નક્કી કર્યું તે પોતાના ઈશ્વરની વિરુદ્ધમાં એવું કાંઈ નહીં કરે. ઈસ્રાએલના દેવે તેમને આજ્ઞા આપી હતી કે તેઓએ જૂઠા દેવોને અઢાવેલું ભોજન ખાવું જોઈએ નહીં.



દાનિયેલ, જે વ્યક્તિ તેમની દેખરેખ રાખતો હતો અને તેમને તાલિમ આપતો હતો તેની પરવાનગી પ્રાપ્ત કરવા માટે પૂછ્યું. જો રાજાને ખબર પડી જાય તો તે ગુસ્સે થઈ જાય. પણ ઈશ્વરે દાનિયેલને આ વ્યક્તિનો પ્રિય બનાવી દીધો.



તે દાનિયેલ અને તેના મિત્રોને એક કસોટી આપવા માટે સંમત થયો. દસ દિવસ માટે તેઓ શાકભાજી ખાશે તથા પાણી પીશે. દસ દિવસના અંતે જ્યારે તેણે આ દાનિયેલ અને તેના મિત્રોને જોયા તો તેઓ બીજા વ્યક્તિઓ જેઓ રાજાનો ખોરાક ખાતા હતા તેમના કરતાં વધું તંદુરસ્ત દેખાયા. તેથી તેઓએ શાકભાજી અને પાણી આપવાનું ચાલુ રાખવામાં આવ્યું.



આ યુવાન છોકરાઓએ ઈશ્વરને માન આપ્યું. ઈશ્વરે તેમને પણ માન આપ્યું. ઈશ્વરે તેમને બધી બાબતો શિખવા માટે જ્ઞાન અને કૌશલ્ય પૂરા પાડ્યા. અને દાનિયેલને બુદ્ધિ આપી જેથી તે સઘળા દર્શન અને સ્વપ્નો સમજી શકે.





અહીં બાબિલમાં ત્રણ વર્ષના અભ્યાસ બાદ બધા જુવાનોને રાજા નબુખાદનેસ્સારની આગળ રજૂ કરવામાં આવ્યા. તેણે દાનિયેલ અને ત્રણ મિત્રોનો સૌથી શ્રેષ્ઠ ગણી પસંદ કરી લીધા. સાચે કહેતા, રાજાએ શોધી કાઢ્યું કે તેના રાજ્યના સઘળા બુદ્ધિમાન માણસો કરતાં દાનિયેલ વધુ હોંશિયાર હતો.

એક રાત્રે રાજાને ખૂબ જ ખરાબ સ્વપ્ન આવ્યું. તેણે સઘળા જાદૂગરો, જોષ જોનારોને બોલાવીને તેની સાથે ઉભા રહેવાની આજ્ઞા કરી. રાજાએ તેમને કહ્યું કે, “મને એક સ્વપ્ન આવ્યું છે. અને તેનો અર્થ સમજવા માટે મારૂ હૃદય ચિંતાતુર થઈ ગયું છે.” આ બુદ્ધિશાળી માણસોએ રાજાને કહ્યું, “રાજા ઘણું જીવો, આપ આ સેવકોને તમારું સ્વપ્ન જણાવો. એટલે અમે તેનો અર્થ તમને કહી બતાવીએ.”



રાજાએ પ્રત્યુત્તર દીધો કે, "નાં!" એમ નહીં તમારે મને સ્વપ્ન પણ કેહવાનું છે અને તેનો અર્થ પણ જણાવવાનો છે. જો તમે એમ નહીં કરો તો તમારા કાપીને ટૂંકડેટૂકડા કરવામાં આવશે અને તમારા ઘરો બાળી નાંખવામાં આવશે! પણ જો તમે મને સ્વપ્ન તથા તેનો અર્થ જણાવશો તો રાજાએ કહેવાનું ચાલુ રાખ્યું. "તો તમને હું ભેટો, ઈનામો અને માનપાનથી આમંત્રીશ" અલબત્ત, ત્યાં રહેલા એકપણ બુદ્ધિશાળી વ્યક્તિ આ કહેવાને સમર્થ ન હતો.



રાજાના જ્ઞાની માણસોએ રાજાને જવાબ આપ્યો કે, “બાબિલના સઘળા બુદ્ધિમાન માણસોનો નાશ કરો!” તેણે આજ્ઞા આપી.



જ્યારે સૈનિકો દાનિયેલ પાસે આવ્યા ત્યારે તેણે આર્યોખને જે રાજાનો મુખ્ય અંગરક્ષક હતો. તેન કહ્યું કે, “રાજા શા માટે રાજ્યના સઘળા જ્ઞાનીઓ નાશ કરવાની આજ્ઞા આપી છે?” ત્યારે આર્યોખે જે સઘળું બન્યું હતું તે દાનિયેલને કહી સંભળાવ્યું. દાનિયેલ રાજાની હજૂરમાં ગયા. તેણે રાજા પાસે સ્વપ્ન અને તેનો અર્થ જણાવવા માટે થોડા સમયની મહેતલ માંગી.



ત્યારબાદ દાનિયેલે પોતાના ઘરે જઈને તેના મિત્રો શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને આ બધી વાત કહી સંભળાવી. દાનિયેલને ખબર ન હતી કે સ્વપ્ન શું છે? અને તેનો અર્થ શું છે, પણ તેને ખબર હતી કે એક વ્યક્તિ સઘળું જાણે છે. એ વ્યક્તિ તો ઈશ્વર છે. તેથી દાનિયેલ અને તેના મિત્રોએ પ્રાર્થના કરી.



ઈશ્વરે દાનિયેલને તે સ્વપ્ન અને તેનો અર્થ બતાવ્યાં. દાનિયેલ આકાશના ઈશ્વરનો આભાર વ્યક્ત કરતા કહ્યું. “તમારા નામને સદા સર્વકાળ ધન્ય હોજો. કારણ કે જ્ઞાન તથા સામર્થ્ય ફક્ત તમારા જ છે.” ત્યારબાદ દાનિયેલ ઝડપથી રાજા પાસે ગયો, અને કહ્યું, “એક ઈશ્વર છે જે સઘળી ગુપ્ત વાતો રજૂ કરે છે.” તેણે રાજાને સ્વપ્ન અને તેનો અર્થ કહી સંભળાવ્યા.



જ્યારે નબુખાદનેસ્સારે એ સ્વપ્ન તથા તેનો અર્થ જાણ્યા ત્યારે તે દાનિયેલની આગળ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને કહ્યું કે, "ઓ દાનિયેલ સાચે જ તારો દેવ સર્વ દેવોનો દેવ અને રાજાઓનો રાજા છે.
તે સઘળા રહસ્યો જણાવનાર તથા તેનો અર્થ પ્રગટ કરનાર છે!" ત્યારબાદ રાજાએ દાનિયેલને મોટો માણસ બનાવીને તેણે તેને ઘણી ભેટો આપી.
તેણે તેને બાબિલના આખા પ્રાંતનો રાજ્યકર્તા બનાવ્યો અને બધા જ્ઞાનીઓની ઉપર ઉપરી તરીકે નિમણૂક કરી.



# દાનિયેલ એક બંદી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

દાનિયેલ ૧-૨

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો,
ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી
છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ
પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા
પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા,
તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા
માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬